R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 01 DATE: 05-01-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## લોકસભામાં રાફેલ યુધ્ધ વિમાન સોદા મામલે સત્તાધારી અને વિપક્ષ વચ્ચે જંગ વિપક્ષ દ્વારા સોદાની તપાસ માટે જેપીસીની માંગ

નવા વર્ષની શરુઆતમાં જ સરકાર અને વિપક્ષ વચ્ચે રાફેલ સોદામાં થયેલા ભ્રષ્ટાચારના મુદે સંસદમાં ભારે હંગામો મચી ગયો હતો.રાફેલ સોદાની તપાસ માટે વિપક્ષના ભારે હોબાળા સાથે જેપીસીની માંગ કરવા પર વિપક્ષ અડી ગયો છે.રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે રાફેલની સ્ટોરીમાં અનેક છીંડા છે. વડાપ્રધાનમાં મારા કોઈ સવાલનો જવાબ આપવાની હિંમત નથી. તેથી બેડરુમમાં સંતાઈ રહ્યા છે.સંરક્ષણમંત્રી એઆઈએડીએમકેની પાછળ સંતાઈ રહ્યા છે. રાહુલના આરોપો બાદ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ સરકાર વતી જવાબો આપ્યાહતા. વિપક્ષોએ હંગામો મચાવવાની સાથે કાગળના વિમાનો ઉડાડ્યા હતા.ત્યારે સ્પીકર મહાજને ટકોર કરી હતી કે તમે બાળકો



નથી.બાળપણમાં કાગળના પ્લેન નથી ઉડાડ્યા તેથી આજે ઉડાડી રહ્યા છો.

ભાજપનો સાથી પક્ષ શિવસેનાએ પણ લોકસભામાં જેપીસી દ્વારા તપાસ કરવવાની વિપક્ષની માંગણીને સમર્થન આપ્યું હતું. રાફેલ સોદા પરની ચર્ચામાં ભાગ લેતાં શિવસેના સાંસદ અરવિદ સાવંતે કહ્યુ હતું કે સરકાર પારદર્શકતાની વાતો કરે છે તો જેપીસીની તપાસથી શા માટે ગભરાય છે ? જો આપણે પારદર્શક હોઈએ તો શા માટે ડરવું જોઈએ.આપણી સરકાર સારી છે.ભ્રષ્ટાચાર થતો નથી તો શા માટે ભયભીત થવું જોઈએ. જેપીસી તપાસ થવા દો અને સત્યને બહાર આવવા દો.

## સબરીમાલા મુદ્દે સીપીએમ,ભાજપના નેતાઓના ઘરો પર ક્રુડ બૉંબ ઝીકાયા

કેરળમાં સબરીમાલા મંદિરમાં રજસ્વાલા મહિલાઓને પ્રવેશનો ધાર્મિક વિવાદ હવે રાજકીય દુશ્મનાવટનું સ્વરુપ ધારણ કરી રહ્યો છે.રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ મનાતા કન્નુર જિલ્લામાં ભાજપ-સંઘ અને સીપીએમ કાર્યકરો વચ્ચે રાજકીય હિંસા ફાટી નીકળી હતી. જેમાં બંને પક્ષના કાર્યકરો દ્રારા બંને પક્ષના નેતાઓ અને કાર્યકરોના મકાનો અને દુકાનો પર હુમલા કરાયા હતા.સીપીએમના ધારાસભ્ય એ.એન.શમશીર,ભાજપના રાજ્યસભાના સાંસદ મુરલીધરન, સીપીએમના પુર્વ જિલ્લાધ્યક્ષ પી.શશીના નિવાસસ્થાનો પર વિરોધી કાર્યકર્તાઓએ દેશી બનાવટના ક્રુડ બોંબ ઝીંક્યા હતા. જો કે તેનાથી કોઈને ઈજા પહોચી નહોતી.પરિયારમ ખાતે આવેલી સંઘની કચેરીમાં આગ લગાવાઈ હતી.અન્ય વિસ્તારોમાં આ પ્રકારના હુમલાઓ કરવામાં આવ્યા હતા.

## અમેરિકામાં 'શટડાઉન' જારી રાખવાની ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકીના સુરમાં કહ્યુ છે કે અમેરિકન સરકારમાં શટડાઉનની સ્થિતિ અનેક વર્ષો સુધી જારી રાખવા માટે તેઓ તૈયાર છે.અમેરિકન સરકારનું કામકાજ આંશિક રીતે બંધ છે.આ સ્થિતિ હવે ત્રીજા સપ્તાહમાં પહોચી છે.ટોચના ડેમોક્રેટસ સાથે મુલાકાત પછી ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ અમેરિકા,મેકસિકો સરહદે દિવાલના નિર્માણ માટે કોગ્રેસને અવગણીને રાષ્ટ્રીય કટોકટીની ઘોષણા પણ કરી શકે છે.

ટ્રમ્પે ભારપુર્વક કહ્યુ હતું કે જ્યાં સુધી તેમને સરહદે દિવાલ નિર્માણ માટે ફંડિગ મળતી નથી. તે કોઈપણ બિલ પર હસ્તાક્ષર નહીં કરે. તેમના આ કદમનો ડેમોક્રેટસ વિરોધ કરી રહ્યા છે.દેશમાં ૨૨ ડિસેમ્બરથી લગભગ ૮ લાખ સંઘીય કર્મચારીઓને હજુ સુધી પગાર મળ્યો નથી. વ્હાઈટ હાઉસમાં યોજાયેલી બેઠકમાં ટ્રમ્પે શરુઆતમાં સકારાત્મક વાતો કરી હતી. પરંતુ પછી ટ્રમ્પે એક પત્રકારના સવાલના જવાબમાં કહ્યુ હતું કે તેમણે ધમકી આપી છે કે જરુરી લાગશે તો સંઘીય એજન્સીઓને અનેક વર્ષો સુધી બંધ રાખવા માટે તેઓ તૈયાર છે.

ટ્રમ્પે કહ્યુ હતું કે હું જે કાંઈ કરી રહ્યો છું મને તેના પર ગર્વ છે.હું આને શટડાઉન માનતો નથી. હું માનું છું કે આ એવું કામ છે જે દેશની સુરક્ષા અને લાભ માટે જરુરી છે.

બેઠક પછી ડેમોક્રેટસે મીડીયાને રાષ્ટ્રપતિની ધમકી વિશે જણાવ્યુ હતું તેની પછી વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાં ટ્રમ્પે પત્રકારોને કહ્યુ હતું હા મે એમ કહ્યુ છે.બિલકુલ મે જ એમ કહ્યુ છે.

ટ્રમ્પને મળ્યા પછી સેનેટમાં નેતા ચક સ્કમરે કહ્યુ હતું કે અમે રાષ્ટ્રપ્રમુખને કહક્યુ હતું કે અમે ઈચ્છીએ છીએ કે સરકાર કામ કરે.તેઓ તેના માટે તૈયાર થયા નહી.

## 2019માં કોગ્રેસ સત્તા પર આવશે તો રાફેલ સોદાની તપાસ કરાવશે : રાહુલ ગાંધી



કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ સંસદ પરિસરમાં યોજેલ પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતું કે ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં કોગ્રેસ સત્તા પર આવશે તો રાફેલ યુધ્ધ વિમાન સોદાનું ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશન કરાશે અને તેમાં દોષિત ઠરનાર તમામને સજા કરાશે. રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે કોગ્રેસ અને સમગ્ર વિપક્ષ ઈચ્છે છે કે વડાપ્રધાન વતી સંરક્ષણપ્રધાન નિર્મલા સીતારામન સંસદમાં જવાબ આપે ત્યારે કોગ્રેસ દ્વારા પુછાયેલા સવાલના જવાબ તેમાં હોય.રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે સીતારામનને સીધો સવાલ કર્યો હતો કે શું સંરક્ષણ મંત્રાલય અને તે અંગે ચર્ચા કરનારી ટીમ દ્વારા રજુ કરાયેલા રાફેલ કોન્ટ્રકટ પર કોઈ વાંધો ઉઠાવાયો હતો કે નહીં ?

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સંસદમાં ચર્ચાથી નાસતા ફરતા હોવાનો આરોપ મુક્યો હતો અને કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીને જણાવ્યુ હતું કે તેમણે મને ગાળો ભાડવાને બદલે મારા દ્વારા પુછતા સવાલોના જવાબ આપવા જોઈએ.

આ અગાઉ તેમને કરેલા ટ્વિટમાં પીએમ મોદી સામે ભ્રષ્ટાચારની તપાસ કરવા અને પોતાના મિત્રને રાફેલનો કોન્ટ્રેક્ટ અપાવીને રાષ્ટ્રીય સુરક્ષા નબળી પાડવા માટે તપાસ કરવાની માંગ કરી હતી.એરીકસન કંપનીને રુપીયા ૫૫૦ કરોડની ચુકવણીમાં નિષ્ફળ ગયેલા અનિલ અંબાણીને જેલમાં નાંખી દેવાની માંગ કરી હતી.

પત્રકાર પરિષદમાં કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે રાફેલ સોદામાં ભ્રષ્ટાચાર માટે વડા પ્રધાન મોદી જ જવાબદાર છે.લોકસભામાં કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આપેલા ભાષણ પર જોરદાર પ્રહાર કરતાં રાહુલે જણાવ્યુ હતું કે અરુણ જેટલી રાફેલ સોદા મુદ્દે સતત જુઠ્ઠુ બોલી રહ્યા છે.સુપ્રીમ કોર્ટે ક્યારેય એમ નથી કહ્યુ કે રાફેલ સોદામાં ભ્રષ્ટાચાર થયો નથી.જેટલી અને સવાલ કરી રહ્યા હતા કે કોગ્રેસ પાસે રાફેલની ૧૬૦૦ કરોડની કિંમત ક્યાંથી આવી ? જેટલી પોતેજ લોકસભામાં આ સવાલનો જવાબ આપી રહ્યા હતા.જેટલીએ જણાવ્યુ હતું કે મોદી સરકારે ૩૬ વિમાનના ૫૮,૦૦૦ કરોડ તો એક વિમાનના ૧૬૦૦ કરોડમાં પડે. જેટલીએ યુપીએની ૫૨૬ કરોડની કિમત પર પણ સવાલ ઉઠાવ્યો હતો.પરંતુ તેમના સવાલના જવાબ હતો કે ૧૩૬ વિમાન ૫૨૬ કરોડના એક વિમાનનો ભાવ પડે.

રાહુલ ગાંધીએ ૨૦૦૭નો એક દસ્તાવેજ રજુ કરતાં જણાવ્યુ હતું કે જેટલી કહે છે કે ૫૨૬ કરોડની કિંમત એસેસરીઝ વિનાના વિમાનની હતી.અને શસ્ત્રસરંજામ સાથેના વિમાનની કિંમત રુપીયા ૧૬૦૦ કરોડ થાય છે.યુપીએનું ૫૨૬ કરોડનું રાફેલ વિમાન પણ આ બધીજ એસેસરીઝ સાથે આવવાનું હતું.લોકસભામાં રાફેલ સોદો કરનાર વડાપ્રધાન કે સંરક્ષણ પ્રધાન સવાલોના જવાબ આપતાં નથી.અમે ઈચ્છીએ છીએ કે રાફેલ સોદા પરના તમામ સવાલોના જવાબ વડાપ્રધાન મોદી આપે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર આરોપ મુકતા કહ્યુહતું કે મોદીએ ફ્રાંસના પ્રમુખને સીધું કહ્યુ હતું કે તેઓ એચએએલને નકારી કાઢી અનિલ અંબાણીને કોન્ટ્રાકટ આપે. સરકારે દેશના યુવા,ખેડુત અને મધ્યમવર્ગના રુપીયા ૩.૫ લાખ કરોડ ચોરી અમીરનો આપી દીધા.રાફેલ વિમાનની કિંમત રુ.૫૨૬ કરોડથી વધારીને રુપીયા ૧૬૦૦ કરોડ કરવાનો નિર્ણય કોણે લીધો ?જો તેમણે યુપીએ કરતાં સસ્તો સોદો કર્યો તો ૧૨૬ વિમાનોની ખરીદી કેમ ના કરી ?

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મંદિરના મુદ્દે દેશમાં ફરીથી એકવાર તમાશો થઇ રહ્યો છે.કોગ્રેસના શાસનમાં પણ એમ નહોતું બન્યું.રામ મંદિરના દ્વાર ખોલવામાં કોઇએ હિંમત કરી હોય તો તે કોગ્રેસ સરકારની હતી. રાજીવ ગાંધીએ રામ મંદિરના દ્વાર ખોલાવી આપ્યા હતા.અને રામ મંદિરના નામે મત મેળવીને સત્તા હડપી ભાજપે તે તેની સિધ્ધિ હતી.હજુ પણ મંદિરના નામે સુપ્રીમ કોર્ટ ઉપર દબાણ વધારીને મનમાની કરવાની ઉતાવળ કરી રહ્યા છે કે પછી ૨૦૧૯ની ચુંટણીઓમાં ફરીથી વિજય કળશ ભાજપના શીરે પહેરાવવાની કોશીશ !!! તાજેતરમાં ભાજપના સાથી અને સહયોગી શિવસેના આ બાબતે તેમના મુખપત્ર સામનામાં લખ્યું છે કેદેશના મુખ્ય બે મંદિરો અંગે જનભાવનાઓ ઉશ્કેરાઇ છે.પ્રથમ રામ મંદિર અને બીજું કેરળનું સબરીમાલા મંદિર. આબંને મંદિરો વિશે ભાજપ અને સંઘ પરિવારની ભુમિકા સ્વતંત્ર એટલે કે બંને તરફથી મૃદુંગ વગાડવા જેવું છે.જે બાબત ડંકાની ચોટ પર કહેવાઇ અને લોકસભાની ચુંટણીઓમાં જીત મેળવાઇ ત્યારે મંદિર બાબતે કહેવામાં આવેલી વાત અંગે વડાપ્રધાને કરેલા ખુલાસા લોકોમાં સ્વીકાર્ય બન્યા નથી.રામ મંદિરના મુદ્દે અદાલતના જ પરિણામ આવશે તેને સ્વીકારાશે તેવી વાત વિહિપ અને અન્ય હિંદુ સંગઠનોને હજમ થતી નથી.બીજી તરફ સબરીમાલા મંદિરમાં મહિલાઓને પ્રવેશ આપવાના કોર્ટના નિર્ણયને ભાજપ તથા સંઘ માનવા તૈયાર નથી.કેરળમાં સંઘે ભાજપની મદદથી મહિલાના મંદિર પ્રવેશના મુદ્દાને ભડકાવ્યો છે તેવો શિવસેનાએ આરોપ મુક્યો છે તેમજ કેરળના મુખ્યમંત્રીએ પણ આ જ વાત કરી છે.આ મામલે કેરળમાં હિંસા થઇ છે.સંઘના કાર્યકર્તાઓ રસ્તાઓ પર ઉતરીને કાયદો હાથમાં લઇ રહ્યા છે.પત્રકારો અને પોલીસ પર હુમલા કરવામાં આવી રહ્યા છે.કેરળમાં મંદિરના મુદ્દે અને હિદુત્વની રક્ષા માટે સંઘના લોકો રસ્તા પર ઉતર્યા છે પણ અયોધ્યામાં રામ મંદિર માટે ઠંડા છે. આ બે બાજુની વાતો કઠતી નથી. છતાં રાજનીતીમાં આવું ચાલતું રહ્યુ છે અને ચાલશે.

રફાલના મુદ્દે વિપક્ષે સંસદમાં ભારે હંગામો મચાવ્યો છે. કેટલાક સવાલોના જવાબો વકીલની ભાષામાં ગોળગોળ આપવામાં આવે છે અનેકેટલાક સવાલોનો છેદ ઉડાડી દેવામાં આવે છે.રફાલના મુદ્દે ચર્ચા કરવામાં પાછી પડતી સરકાર અન્ય બાબતોને વચ્ચે ઘુસાડીને ખરેખર મુદ્દાને અવળે પાટે ચડાવવાનો પ્રયત્ન કરે છે. કોગ્રેસે સીબીઆઇની તપાસ,જેપીસીની તપાસ વિગરે ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટરના મુદ્દે કરી હતી.જે વિપક્ષોની માંગણીના આધારે હતી.અને આખરે તે સોદો રદ કરી દેવાયો હતો.અને જે કંપની સાથે સોદો થયો હતો તેને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવી હતી.હવે આ સરકારે હરખપદુડા થઇને બ્લેક લીસ્ટ થયેલી કંપનીને પાછી લાવવામાં દેશની શી ભલાઇ જોઇ તે તેમને કહેવું તો પડશે જ અન્યથા તેમાં કસું અજુગતું થયું છે તેમ માની લેવામાં કોઇ શંકા નહી રહે.જેમની સામે સવાલો થયા છે તેમણે જ તેના જવાબો આપવાના રહે જો તેમ થતું નથી.વડાપ્રધાનની સામે સવાલો થાય અને જેને લાગતું વળગતું નથી તેવા મંત્રીઓ તેની ખણખોદ કરે અને પછી વિપક્ષી નેતાઓની શાખ નીચે પાડવા માટે હલકી ભાષાનો પ્રયોગ કરી ગમે તેમ કહે તે વ્યાજબી નથી.રાહુલ ગાંધીને ભાંડવા માટે તેમના આખા કુટુંબને એટલેકે તેમના નાના ને પણ ભાંડવાની કળા અને પારંગત માત્ર ભાજપ પાસે જ છે.રાજકારણમાં કોઇ સીમા હોવી જરુરી છે.કોગ્રેસના નેતાઓએ દેશ માટે પોતાના બલિદાનો આપ્યા છે તે ભુલાવુ ના જોઇએ.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# મધ્યપ્રદેશ,છત્તીસગઢ અને રાજસ્થાનમાં કોગ્રેસના મુખ્યમંત્રીઓએ શપથ લીધા બાદ કોગ્રેસે ખેડુતોના દેવા માફ અંગે ચુંટણી વચન તાત્કાલિક અસરથી પાળી બતાવ્યું

કોગ્રેસ પક્ષ માટે એક સાથે એક જ દિવસમાં ત્રણ મુખ્યમંત્રીઓ શપથ લે તેવો અવસર આવ્યો હતો.સવારમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે શપથ લીધા તેમની સાથે નાયબ મુખ્યમંત્રી તરીકે સચિન પાયલોટે શપથ લીધા હતા.બપોરે મધ્યપ્રદેશમાં કમલનાથે શપથ લીધા હતા અને સાંજે છત્તીસગઢમાં ભુપેશ બુધેલ અને મંત્રી તરીકે ટીએસ સિંઘદેવ અને તામ્રધ્વજ સાહુએ પણ શપથ લીધા હતા.

કોગ્રેસે વિધાનસભા ચુંટણીમાં આપેલું વચન પાળી બતાવ્યું છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ખેડુતોનું કરજ માફ કરવાનો નિર્ણય લેવાયો છે.મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના બે કલાકમાં જ કમલનાથે રાજ્યના ખેડુતોને આપેલું વચન પાળી બતાવ્યું હતું અને દવું માફ કરવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા.આ ઉપરાંત તેમણે અનાજના લઘુત્તમ ટેકાના પ્રતિ ક્વિન્ટલ રુપીયા ૨૫૦૦ કર્યા હતા.ખેડુતોનું રુપીયા ૨ લાખનું દેવું માફ કરી દીધું હતું.તેમણે આ ઉપરાંત કન્યાદાન યોજનાની ધનરાશિ ૨૮ હજારથી વધારીને રુપીયા ૫૧ હજાર કરી હતી. તેમજ ઊદ્યોગો સ્થાનિક ૭૦ ટકા લોકોને નોકરી આપે તોજ સબસીડી મળે તેવો આદેશ જારી કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણીમાં મધ્યપ્રદેશ,રાજસ્થાન અને છત્તીસગઢમાં કોગ્રેસે ખેડુતોના દેવા માંફીનું વચન આપ્યુ હતું તે સરકાર રચાતાં જ પુરુ કરવામાં આવ્યું છે.

# પાંચ રાજ્યોની ચુંટણીમાં લોકોએ ભાજપ થી મુક્ત થવાની ઇચ્છા દર્શાવી : શિવસેના

મધ્ય પ્રદેશમાં ૧૫ વર્ષ પછી કોગ્રેસે સત્તા હાંસલ કરવામાં સફળ રહી છે.સામાન્ય રીતે શહેરી વિસ્તારના મતદારો ભાજપની તરફેણ કરતા રહ્યા છે.પરંતુ આ વખતે શહેરી મતદારોએ કોગ્રેસના હાથને સાથ આપતાં ભાજપને ભારે નુકશાન વેઠવું પડ્યું છે.અને ત્રણેય રાજ્યોમાં સત્તા ગુમાવવી પડી છે. હંમેશાની જેમ આ વખતે ગ્રામ્ય વિસ્તારના મતદારો અલગ-અલગ જુથમાં વહેચાયેલા નજરે પડ્યા છે.મધ્યપ્રદેશના પાટનગર ભોપાલની ૬ શહેરી સીટોમાં આ વખતે કોગ્રેસને ત્રણ બેઠકો મળી છે.

કોગ્રેસના વરિષ્ઠ નેતા પીસી શર્માએ ભાજપની સૌથી સલામત બેઠક ભોપાલ -દક્ષિણ પરથી જીત મેળવી છે.ગ્વાલિયરમાં પણ કોગ્રેસના પ્રમુખ પ્રધ્યુમનસિંહ તોમરે શિવરાજ સરકારના પ્રધાન જયભાનસિંહ પવૈયાને પરાજય આપ્યો છે.જયારે કોગ્રેસના લખનસિંહ યાદવે ભાજપના કદાવર નેતા અનુપ મિશ્રાને હરાવ્યા છે.જો કે ઇન્દોરની શહેરી સીટો પર કોગ્રેસનો જાદુ ચાલ્યો નથી.અને ૭ પૈકી પાંચ બેઠક પર ભાજપની જીત થઇ છે.બીજી તરફ માલવા-નિમાડની બેઠકો પર કોગ્રેસનું પ્રભુત્વ જોવા મળ્યું છે.જબલપુરની વિધાનસભા બેઠકો પર પણ ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે.વિંધ્ય વિસ્તારમાં કોગ્રેસને મોટો ઝાટકો લાગ્યો છે.૨૦૧૩ થી ૨૦૧૮ સુધી વિધાનસભામાં વિપક્ષના નેતા રહેલા અજયસિંહ પોતાની સીટ બચાવી શક્યા નથી. અને લગભગ ૬૦૦૦ વોટોથી હારી ગયા છે.જો કે આ વિસ્તારમાં અન્યે ક્ષેત્રોમાં કોગ્રેસને સફળતા મળી છે.

બીજી તરફ રાજસ્થાનમાં આ વખતે ધારણા કરતાં ઓછી મહિલાઓ વિધાનસભામાં પહોચી શકી છે.કુલ મળીને ૨૨ મહીલાઓ આ વખતે ચુંટાઇ છે.જયારે ૨૦૧૩માં ૨૮ મહિલાઓ ચુંટાઇ હતી.ભાજપના સાથી પક્ષ શિવસેનાએ આકરા પ્રહારો કરતાં અને કટાક્ષ કરતાં પોતાના મુખપત્ર સામના માં કહ્યુ હતું કે વિધાનસભા ચુંટણીમાં લોકોએ ભાજપ મુક્ત થવાની ઇચ્છા દર્શાવી છે. તેમણે કહ્યુ હતું કે જે લોકો હવામાં ઉડી રહ્યા હતા તેઓને હવે નીચે ધરા પર આવી ગયા છે.

ભાજપ અને વડાપ્રધાન મોદી પ્રહારો કરતાં લખ્યું હતું કે વડાપ્રધાન મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ધરતી પર આવી ગયા છે. અને રાહુલ ગાંધી મેરીટ લિસ્ટમાં ચમકવા લાગ્યા છે.સામનામાં લખાયું છે કે મોદીનો ઉદય તથા ભાજપની વિજય યાત્રા જે રાજ્યોથી શરુ થઇ હતી ત્યાં જ ભાજપના રથના પૈડાં ફસાયા છે. હવે નરેન્દ્ર



મોદી વડાપ્રધાન છે ત્યારે જ ચાર રાજ્યોમાં ભાજપને જોરદાર આંચકો લાગ્યો છે. તેમાંથી છત્તીસગઢ,મધ્યપ્રદેશ, રાજસ્થાન તો ભાજપના ગઢ હતા અને તેમાં તિરાડ પડશે એવું કોઇએ વિચાર્યું નહોતું.

સામનામાં લખ્યું છે કે ભાજપાએ પ્રથમ તો મિત્રોને ભગાડ્યા અને હવે મહત્વપુર્ણ રાજ્યો ગુમાવ્યા છે.ગપ્પા મારીને હંમેશા જીતી ના શકાય.રાજસ્થાન,મધ્યપ્રદેશમાં ખેડુતો મુશ્કેલીમાં છે. તેમના પર ગોળીઓ વરસાવવા માટે મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ માંફી માંગી પણ ખેડુતોએ તેનો બદલો મતપેટી દ્વારા લીધો છે.

નોટબંધી જેવા નિર્ણયથી અર્થવ્યવસ્થા હચમચી ગઇ.રોજગારી ગઇ અને મોઘવારી વધી.એ સમયે આપણા વડાપ્રધાન રાજનીતિ કરવા માટે ઉડતા રહ્યા અને તેઓ સીધા ચુંટણી પ્રચારમાં અવતરિત થયા.

# અયોધ્યા કેસની સુનાવણી રોજીંદા ધોરણે કરવા સુપ્રીમ કોર્ટનો ઇન્કાર

અયોધ્યામાં રામમંદિર બનાવવાના મુદ્દાને બરાબર ચગાવીને કોર્ટ ઉપર તેનું દબાણ લાવવા માટે કેટલાક કટ્ટરવાદી પરિબળો અને સત્તાસ્થાને બેઠેલા રાજકીય પક્ષના નેતાઓ જોર લગાવી રહ્યા છે. પરતુ સુપ્રીમ કોર્ટે રોજિદા ધોરણે સુનાવણી કરવાની ધરાર ના પાડી દીધી છે. રામ જન્મભુમિ અને બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસ સુપ્રીમ કોર્ટને કોઇ અરજન્સી લાગતી નથી. સીવીલ મેટરના ધોરણે જ તે ચાલશે તેવું તેઓનું માનવું છે.આ કેસની સુનાવણી તાકીદના ધોરણે રોજરોજ હાથ ધરવાની માંગ કરતી એડવોકેટ હરિનાથ રામે નવેમ્બર ૨૦૧૮માં દાખલ કરેલી જાહેર હિતની અરજીને પણ કોર્ટે રદ કરી નાંખી છે.સરકારની આ વિવાદની સુનાવણી ઝડપી હાથ ધરવા કરાયેલી અપીલ પણ નકારી કાઢી છે.સંઘ,વિહપ,શિવસેના સહિતના હિંદુવાદી સંગઠનો સુપ્રીમ કોર્ટ ઝડપથી ચુકાદો આપે માટે દબાણ કરી રહ્યા છે.

# નાતાલનો સંદેશ - સંવેદનશીલતા

એક બહેનની કામવાળી બિમાર હોવાથી કામ કરવા ના આવી. પેલા બહેન સખત ગુસ્સે થયા. આ લોકોને ગમે તેટલું ના પાડીએ તો પણ બે પૈસા માટે દોડાદોડી કરી મુકે. કેટલું તે કમાઇ લેવાના હતા કે આપણી જેમ ઉંચા આવી જવાના હતા.બે પૈસા કમાઇ અને પછી દવાખાને નાખી આવે. એના કરતાં છાનામાન હોય એટલામાં રાજી રહેતા હોય તો?અને તેમણે ધરાર કામવાળીનો બે દિવસની રજાના પૈસા કાપી લીધા. તેઓ આસાનીથી ભુલી ગયા કે વધારાનું કેટલું કામ તે કરી આપતી હતી. તો એક ભાઇ બેંકમાં ઓફિસર છે તેમને પટાવાળો તેના છોકરાને પરદેશ મોકલવો કે નહી ? તેની સલાહ લેવા સાહેબ પાસે આવે ચે.આ ઓફિસર પેલા ભાઇને તેમના દિકરાને પરદેશ ના મોકલવાની સલાહ આપે છે. તો નાણાંકીય રીતે ખુબ સારી પરિસ્થિતિ ધરાવતા એક બહેન ઘેર ઘેર ફરીને વસ્તુઓ વેચે છે તેના વર્ગ જેવાકે શાકવાળા-પસ્તીવાળા ..વગેરે છે કે જેઓ માંડ માંડ પોતાનું ઘર ચલાવે છે. તેવી વ્યક્તિઓની સાથે એટલો તો ભાવ-તાલ કરતાં હોઇ છે કે વેચનારની સાથે-સાથે આજુબાજુવાળા પણ કંટાળી જતા હોય છે.

તહેવારોના સમયમાં કામવાળીએ ગજા બહારની મહેનત કરી હતી કે જેથી થોડા વધારે નાણાં કમાઇ શકે અને પોતાના કુટુંબની જરુરીયાતને પુરી કરી શકે ,તેમને થોડી સગવડ મળે તેવા સાધન વસાવી શકે. આ લોકો મુશ્કેલીથી ઘર ચલાવતા હોય છે. એટલે તહેવારના સમયમાં વધારે મહેનત કરીને વધારાની આવક ઊભી કરતાં હોય છે. અને આવું વિચારવું કાંઇ ખોટું પણ નથી.દરેકને સુખ-સગવડ ભોગવવાનો અધિકાર છે. કામવાળી એ જુનુ ટી.વી. અને જુની તિજોરી ખરીદી હતી. આશ્ચર્ય એ વાતનું છે કે પેલા બહેન ભુલી ગયા કે તેમનો દિકરો -વહુ અને દીકરી-જમાઇ કે જેમની નાણાંકીય પરિસ્થિતિ ખુબ સારી હોવા છતાં પતિ -પત્ની બંન્ને જણ વધારે અને વધારે સુખ-સગવડ માણી શકે તેના માટે આખો વખત દોડધામ કર્યા કરતા હોય છે.પણ તેમનો પ્લસ પોઇન્ટ એ છે કે સારા જીવન ધોરણને કારણે તેમની તંદુરસ્તી સારી રહેતી હોય છે.વળી તેમને આસાનીથી રજા મળતી હોય છે. અહી , જો કે બાબત અલગ એ રીતે હતી કે પેલા બહેન માટે તો એ સ્વીકારવું અશક્ય હતું કે કામવાળી પણ તેમની જેમ ભૌતિક સુખ-સુવિધા માણી શકે ! તો પેલા ઓફિસર ભાઇ પણ સ્વીકારી નહતા શકતા કે પટાવાળાનો છોકરે પરદેશ જાય અને તેને સન્માનભર્યું જીવન મળે.તો પેલા બહેન મોટી દુકાનમાં જઇને મો-માંગ્યા ભાવ આપી દેતા વિચાર નથી કરતા, પણ માંડ માંડ ઘર ચલાવતા આવા ગરીબ વર્ગને લુંટવામાં મજા માંણતા હોય છે.

આ અને આવી વ્યક્તિઓને તમે પણ ઓળખતા હશો. આવી છીછરી માનસિકતા ધરાવતી વ્યક્તિઓથી દુનિયા ભરાયેલી છે. તેમાં અપવાદ હોય છે ખરા, પણ તે અણુ સ્વરુપે હોય છે.આવી મનોવૃત્તિ ધરાવતી વ્યક્તિઓને શોધવા જવાની જરુર પડતી નથી. તે તો આપણી આસપાસ, આપણા ઘરમાં જોવા મળતી હોય છે. અરે ! કોઇક સમય તો આપણે ખુદ પણ આવી સ્વાર્થી માનસિકતાના ભોગ બનતા હોઇએ છીએ.અને તેમને અન્યાય કરીએ છીએ. જો કે તે બાબતનું આપણને નથી કશું દુ:ખ અનુભવાતું કે નથી કશી શરમ અનુભવાતી. કારણ વ્યક્તિને માપવાના આપણી દુનિયાના માપદંડો અલગ છે. આપણે વ્યક્તિના બાહ્ય દેખાવને ખુબ મહત્વ આપીએ છીએ. વ્યક્તિના બાહ્ય ભભકાથી જાણે કે અંજાય જઇએ છીએ. સમાજમાં વ્યક્તિની પ્રતિષ્ઠા, તેનો હોદ્દો, તેની ઓળખાણો, તેની પાસે કેટલો પૈસો છે કે પછી તે કેટલી ભૌતિક સંપત્તિનો માલિક છે. આ બધું જેની પાસે હોય તે વ્યક્તિની આપણને કિંમત હોય છે. પછી ભલેને તે ચારિત્ર્યહીન,ભ્રષ્ટાચારી કે અપ્રમાણિક હોય !તેના અવગુણ સાથે જાણે કે આપણને કશું લેવા-દેવા ના હોય તેવુ આપણુ વર્તન રહેતું હોય છે. તેની સાથે સબંધ બાંધવા માટે ઉત્સુક હોઇએ છીએ. તેના ગમા-અણગમાની આપણને ફિકર હોય છે તેની પૈસા પાછળની દોડને આપણે તેની આવડત કે હોશિયારીમાં ગણાવીએ છીએ.

સામાન્ય માણસો કે પછી જેને, આપણે સામાન્ય ગણીએ છીએ જેવા કે, કામવાળા, સુથાર,પ્લંબર, કડીયા, ખેતમજુહર, પટાવાળો.... અનેક છે. આ બધા એવા છે કે જેના કામની નથી આપણને કદર હોતી કે નથી તે વ્યક્તિઓને માન આપવાનું આપણને આવડતું. આપણા માટે તેમનું અસ્તિત્વ જ હોતું નથી.તેવો તેમના પ્રત્યેનો આપણો વ્યવહાર રહેતો હોય છે. આપણે તેમના પ્રત્યે ભાગ્યેજ સંવેદનશીલ બની રહેતા હોઇ એ છીએ. અરે ! તેમની પાસે સખત મહેનત કરાવીએ છીએ.મહેનતાણુંના પ્રમાણમાં કેટલુંય વધારાનું કામ કરાવી લઇએ છીએ. તેનો જેટલો કસ કઢાવાઇ તેટલો કાઢવામાં પોતાની જાતને હોશિયાર ગણીએ છીએ.આપણે પાક્કી ગણતરીવાળા છીએ. આવા સામાન્ય વ્યક્તિઓની સાથે સબંધ બાંધતા કેટલુંય વિચારીએ છીએ કે આ સબંધ ખોટનો તો નહીં પુરવાર થયાય ને? આઘાતની વાત તો એ હોય છે કે ગરીબ સગા સાથે પણ ઘણા આવો વ્યવહાર કરતા હોય છે ! જે શરમજનક છે.

પ્રભુ ઇસુના જીવન પર નજર નાંખીએ તો તેમણે જેમને ચાહ્યા છે, પોતાના શિષ્યો બનાવ્યા છે, જેમના દુ:ખદર્દ મટાદ્યા છે.તે બધા જ છેવાડાના માણસો હતા.જેનાથી સમાજના પ્રતિષ્ઠિત માણસો દુર રહે છે. તેવા અત્યંત ગરીબ માણસો હતો. જેવા(મેરી માગ્દાલેન) કે જેને લોકો ધિક્કારે છે અને પથ્થરથી મારી નાંખવાનું કહે છે, તો(જકાતદાર-જાખી) કે જેને લોકો પાપી સમજે છે અને અપમાનિત કરે છે. તો છેવાડાના માણસો જેને કહીએ તેવા માણસો(માછીમાર સિમોન પિટર અને તેનો ભાઇ આન્દ્રીયાસ અને અન્ય) ને પ્રભુ ઇસુ ચાહે છે. તેમની સાથે ભોજન લે છે. તેમનામાં વિશ્વાસ મુકે છે. તેમને જવાબદારી સોપે છે જેવા કે પોતાના ઇશ્વર પિતાનું રાજ્ય ફેલાવવું અને પોતાના મૃત્યું પછી પોતાની માતાની સંભાળ રાખવી તો કોઢ અને રક્તપિત્ત જેવા રોગ મટાડી તેમને સમાજમાં માનભર્યું સ્થાન અપાવે છે.આવા તો અસંખ્ય ઉદાહરણો છે અને આમ પ્રભુ ઇસુ આવા સામાન્ય માણસોને ચાહે છે તેમના બનીને રહે છે. તેમના સુખ-દુખના ભાગના સાથીદાર બને છે.

પ્રભુ ઇસુના વચનો છે કે ‘ અદનાના અદના માણસ માટે તમે જે કાંઇ કરો છો, સમજો કે તે મારા માટે કરો છો ‘ આ નાતાલે બાળ ઇસુનેઆવકારતાં ઇસુના આ વચનોને યાદ કરી તેને એટલું જ પ્રાર્થીએ કે તારી જેમ આવા સામાન્ય માણસોને ચાહતા શીખવાડ, તેમના દુ:ખ દર્દને અનુભવી શકાય. તેવી સંવેદના આપ’

મનગમતું-

હસ્તરેખા સુકાઇ જાય એ સારુ નહીં,કો’કના આંસુ લુછી એને પલાળી આવીએ - કવિ મુકેશ જોશી.

સર્વ વાચક મિત્રોને નાતાલ તથા નવા વર્ષની શુભેચ્છા.

અન્નપુર્ણા મેકવાન
ગાંધીનગર

# સરકાર પર અભિવ્યક્તિની આઝાદી ઝુંટવવાનો આરોપ : નસરુદ્દીન શાહ

એમનેસ્ટી ઈન્ડીયા દ્વારા જાહેર કરાયેલા એક વીડીયોમાં પીઢ અભિનેતા નસીરુદીન શાહે મત વ્યક્ત કર્યો હતો કે એક સમયે જ્યારે કાયદાનું શાસન હતું, ત્યાં હવે માત્ર અંધકાર છે. એમનેસ્ટી ઈન્ટરનેશનલના એમ્બેસેડોર બનેલા બોલિવુડના અભિનેતા નસીરુદીન શાહે એકવાર ફરીથી કેન્દ્ર પર અભિવ્યક્તિની સ્વતંત્રતા દબાવવાનો આરોપ લગાવ્યો છે અને લોકોને અપીલ કરી છે કે નવા વર્ષે બંધારણના મુલ્યોને ટેકો આપવો. શાહે વધુમાં જણાવ્યું હતું કે આજે દેશમાં નફરત અને અત્યાચારનો બેરોકટોક નાચ ચાલી રહ્યો છે.અને જે લોકો વિરોધમાં અવાજ ઉઠાવે છે તેમના અવાજને છાપા મારીને તેમજ એકાઉન્ટ સીલ કરીને દબાવી દેવામાં આવે છે.

નસીરુદીને કહ્યુ હતું કે જે લોકો ગરીબોને લુંટે છે એ જ લોકો પર કાયદાની રખેવાળીની જવાબદારી છે.અધિકાર માટે લડનારાને જેલમાં બંધ કરવામાં આવે છે.કલાકાર અને કવિઓ પર પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યા છે.પત્રકારોને ચુપ કરવામાં આવી રહ્યા છે.

બીજી તરફ એમનેસ્ટી ઈન્ડીયાના સીઇઓ આકાર પટેલે પણ આ વીડીયો જારી થયા બાદ પોતાના નિવેદનમાં જણાવ્યુ હતું કે માનવ અધિકારના રક્ષકો અને સીવીલ સોસાયટી સામે ઘણા પડકારો છે.પણ માનવ અધિકાર હંમેશા જીતે છે.અને ફરી જીતશે. તેમણે માનવ અધિકારના કાર્યકર્તાઓનો સાથ આપવા માટે નસીરનો આભાર માન્યો હતો.

# કેન્દ્રીય કર્મચારીઓ માટે ૨૦ દિવસની સવેતન રજા ફરજીયાત બની

કેન્દ્ર સરકારે તેના તમામ કર્મચારીઓ માટે ૨૦ દિવસની સવેતન રજા ફરજીયાત બનાવી છે.અત્યાર સુધી કેન્દ્રીય કર્મચારીઓ સવેતન રજા લેવાને બદલે તેને સાચવીને નિવૃત્તિ સમયે વટાવતા હતા.સરકારી બેન્કોએ તેના કર્મચારીઓ માટે ૧૦ દિવસની સવેતન રજા પર મોકલવાનું શરુ કરી દીધું છે.અને હવે બીજા કેન્દ્રીય કર્મચારીઓને ૨૦ દિવસ સવેતન રજા પર જવાનો નવો નિયમ લાગુ પડશે.ઓક્ટો.૨૦૧૮માં ઘણી બધી બેન્કોએ સવેતન રજાની જાહેરાત કરી હતી.જેને પગલે ઘણા કર્મચારીઓને નવાઇ લાગી હતી.રજા લીધા વગર સતત કામ કરનાર કર્મચારીની તબિયત જોખમાતી હોય છે.તેથી તેમને આરામ આપવાના હેતુસર સરકારે આ નિર્ણય કર્યો છે.કેન્દ્રીય કર્મચારીઓને દર વર્ષે ૩૦ પેઇડ લીવ મળતી હોય છે.કર્મચારીઓની રજાઓમાં ૧૦ આકસ્મિક રજા તથા ૧૯ જાહેર રજા સામેલ છે.


ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૭૯૮૦૭૨૮૮૧



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# માણસના સદ્દગુણો તેને માન-મોભો અપાવે છે

સદગુણ એ માણસની શોભા છે. સદ્દગુણો જ એનું ગૌરવ થાય છે.એ ગુણો ક્યાંય રસ્તામાં પડ્યા હોતા નથી.માણસે એ મેળવવા પડે છે. માણસમાં જો સદ્દગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે. માણસના સદ્દગુણો તેને માન-મોભો અપાવે છે.બીજા બધા આદર કરતાં સદ્દગુણોનો આદર એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. એ સદગુણો ક્યાંથી આવે ? તો બાળકના જન્મ સાથે જ એના કુટુંબમાંથી મળતા હોય છે.સદ્દગુણો એ પરંપરાગત પેઢીઓના પુણ્યપ્રતાપે પ્રાપ્ત થાય છે.આપણી સૌથી મોટી કરુણતા એ છે કે ,માણસના સદ્દગુણોને ઓળખનારા ઓછા હોય છે.પણ દુર્ગુણોની તો ચોરેને ચૌટે વાતો થતી હોય છે. આજે આપણે જોઈએ તો જગત પર અસત્યનું આક્રમણ જોરશોરથી થઈ રહ્યું છે.એમાં કદાચ ખોટું કરનારાઓની સંખ્યા ઓછી હશે છતાં દુર્ગુણોનું ઘોડાપુર ઉમટ્યું હોય તેવો ભાસ થાય છે. સદ્દગુણીઓ દુષણોથી દુર રહેવા પ્રયત્ન કરે છે.અને એક નાનકડો દુર્ગુણ આખા સમાજ પર છવાઈ જાય છે.માણસની સાચી ઓળખ જ એના ગુણ છે.દુર્જનોથી દુર રહેવું એ સદ્દગુણીનું લક્ષણ છે. કાલિદાસે કહ્યું છે :' અવગુણ એ નાવના તળિયાના બાકોરા જેવુ છે, જે નાનુ હોય કે મોટું એક દીવસ એને ડુબાડે છે. 'જેને ડુબવું નથી તે અવગુણીયલો થી દુર રહે છે. ' દુર્જન સાથે મિત્રતા કરવી નહી, તેમ વેર રાખવું નહી, અંગારો જ્યારે ગરમ હોય ત્યારે દઝાડે છે અને ઠંડો પડે ત્યારે હાથ કાળા કરે છે.' આ તો સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ જેવી સ્થિતિ પેદા થાય છે. ચાણક્યે કહ્યુ છે કે :' ગુણોનું જ બધે સન્માન થાય છે.તેના વંશનું નહી'

કન્ફયુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નથી પરંતુ સદ્દગુણોથી જ ધન અને અન્યન્ય ઈચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે. 'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે. પણ આજના સમયમાં સદ્દગુણોવાળો માણસ હતાશ થઈ જાય છે.એને ચોમેરથી ફિટકાર મળતો હોય છે. એવો ભાસ થાય છે. પણ સરવાળે એ સાચું નથી.એ સાચું છે કે સમાજમાં શેતાની વૃત્તિવાળો એકાદ માણસ પણ આખા સમાજને દુષિત કરે છે. પરંતુ વિનોબાએ એક ખુબ સારી વાત કરી છે. 'માણસનું જીવન એક મકાન છે, એમાં દોષરુપી દીવાલો અને ગુણરુપી દરવાજા છે. ગમે તેવા ગરીબ ઘરનેય એક દરવાજો તે રહેલો જ, તમારે ઘરમાં પ્રવેશ કરવો હશે તો તે દરવાજામાંથી જ જઈ શકાશે.દીવાલોથી પ્રવેશવા જશો તો માથુ ફુટી જશે' આપણે હંમેશા બીજાના દોષ જ જોતા હોઈએ છીએ.દુર્જનમાં પણ કંઈક સારાપણું હોય છે.આપણાંમાં ય અવગુણો તો હોવાનાજ.જેમ સિક્કાની બે બાજુ હોય છે એ રીતે આપણામાં જે સારા ગુણો છે તેનો સદ્દપયોગ થાય અને જે ખરાબ ગુણો છે એને દુર કરવાનો પ્રયત્ન કરીએ તો ઘણુ મેળવી શકીએ.સાધારણ દોષોને કાઢી નાંખવાની ચીવટ રાખઝો, તો તમારુ જીવન ઉન્નત બની જશે.

માણસ ક્યા કુળમાં જન્મ્યો છે તે મહત્વનું નથી. પણ એનામાં કેવા ગુણો છે એના આધારે એનું મુલ્ય અંકાય છે. ગુણથી ગૌરવ વધે છે. કમળનો જન્મ કાદવમાં થતો હોવાં છતાં તેના ગુણના કારણે તેને ભગવાનના મસ્તક પર ધરાય છે.જેનામાં સદગુણ છે એનામાં એની સભાનતા હોય તો એને નુકશાન કરે છે એની સભાનતા જ એનો દુર્ગુણ બની જાય છે. સદ્દગુણ જ માણસને મહાન બનાવે છે.તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે. તો સદ્દગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે.ધર્મનો બાહ્યાડંબર કરવાથી ગુણિયલ બની જવાતું નથી .લિયો ટોલ્સટોયે કહ્યું છે : ' અત્યારની જેમ પહેલાં પણ ધર્મ મુખ્યત્વે તે લોકોના વિશ્વાસ અને વ્યવસાયનો વિષય હતો જે આળસું અને અધર્માચરણી હતા અને પોતાને અતિશય મહત્વ આપતા હતા, પરંતુ યોગ્યતા, પ્રામાણિકતા, ભલાઈ, સજ્જનતા અને સદાચારી વગેરે ગુણો અધિકતર નાસ્તિક લોકોમાં જ જોવા મળે છે. '

સસ્તસંગી બુધ્ધિની જડતાને દુર કરે છે.વાણીમાં સત્યનો સંચાર કરે છે. સન્માનમાં વૃધ્ધિ કરે છે. પાપોનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે.અને દસે દિશાઓમાં કિર્તિ ફેલાવે છે.બતાવો સત્સંગતિ માણસ માટે શું નથી કરતી ? સત્સંગતિ તો ધુપસળી જેવી છે.જે સ્વંય બળીને બીજાને સુવાસ આપે છે.સત્સંગતિ તો ગુલાબનું ફુલ છે., જે શોભા સાથે સુવાસ આપે છે. સત્સંગતિથી માણસનું જીવન સુધરી જાય છે.સત્સંગતિથી માણસના અવગુણોની દુર્ગંધ દુર થઈને ગુણની સુગંધ ફેલાય છે.સત્સંગતિ પામનાર માણસ પણ સર્વત્ર પુજનીય બને છે.તેને પણ બધેથી માન-સન્માન મળે છે.સત્સંગતિથી માણસમાં રહેલી નબળાઈઓ, ખરાબ ભાવનાઓનો નાશ થાય છે.સત્સંગતિથી માણસનું મન નિર્મળ બની જાય છે.જેથી સંસારમાં રહેતો હોવા છતાં સંસારની કોઈ લાલચ તેને આર્કષી શકતી નથી. ચાણક્યની નીતીસુત્રાણી (૫૧૯)માં કહ્યું છે : ' સજ્જનોનો સંગ સ્વર્ગમાં વાસ કરાવે છે. ' જે સદ્દભાગી હોય એને જ સારી સંગતી મળતી હોય છે.અપેક્ષાઓ ક્યારેય પુરી થતી નથી.તેથી એક પછી એક અપેક્ષાઓ જાગતી રહે છે. એના કારણે માણસ અધોગતિની ગર્તામાં ડુબતો જાય છે.પણ જો એને કોઈ ઉત્તમ પુરુષનો સંગ મળી જાય તો એના જીવનમાં એક નવુંજ પ્રકરણ શરૂ થતું હોય છે.એક ઉત્તમ વિચાર માણસના જીવનનું પરિવર્તન કરતો હોય છે.

માણસના ગમે તેવા અવગુણ હોય પણ એ સજ્જન સાથે સંગતિ થઈ જાય તો તે પણ સજ્જન બની જતો હોય છે.માણસનું મન તો એટલું ચંચળ છે કે જેની સાથે જાય એવું બની જાય છે.' કાચ પણ કંચનનો સંગ મેળવને લીલમ મણીની શોભા પ્રાપ્ત કરે છે. ' હિતોપદેશની પ્રસ્તાવનામાં આમ કહેવાયું છે.કબીરે કહ્યું છે :' જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઈ ' જેવી સંગતિ એવું ફળ મળતું હોય છે.બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય.માણસનો સાચો સાથી માત્ર ગ્રંથ છે.ઉત્તમ ગ્રંથનું વાંચન માણસને સાચો રસ્તો બતાવે છે.માણસે ગ્રંથનો સંગ કરવાનો છે.જેથી મનમાં કોઈ ખરાબ વિચારોનું પ્રગટીકરણ ના થાય.સત્સંગતિ એ માણસ માટે ઔષધી છે. એ એવી ઔષધી છે જેના કારણે બધાં દુઃખો દુર થઈ જાય છે.નીતીશાસ્ત્રમાં કહ્યું છે : ' સત્ય જ માતા, જ્ઞાન જ પિતા, ધર્મ જ ભાઈ, દયા જ મિત્ર, શાંતિ જ પત્ની, ક્ષમા જ પુત્ર એ છ મારા ભાઈઓ છે.'એવા માણસની સંગતિથી માણસના જીવનમાં વસંત ઋતુ આવી જાય છે.માણસની દુર્જનતારૂપી પાનખરનો અંત આવી જાય છે.

જે સાચો સંત છે એ ઉપદેશ આપતો નથી.એનો પ્રભાવ અને એનુ મૌન જ બધું કહી દેતું હોય છે.કોઈએ કહ્યું છે કે સંત પુરુષ જો કોઈ ઉપદેશ ન આપે તો પણ એની પાસે જવું ઉત્તમ છે.સત્પુરુષનો સંગ એ જીવનની અમુલ્ય મડી ગણાય છે.તેમનો જેટલો સંગ મળે એટલો લાભ લઈ લેવો જોઈએ.જેથી આપણા જીવનને નવો રાહ મળે છે. એનું કારણ એ છે કે અત્યારે જીવનને અમુલ્ય લ્હાવો મળ્યો છે એ કાલે ન પણ મળે.ફારસીમા હાફિજે ' દીવાન 'માં એક શેરમાં કહ્યું છે : ' જેમના માત્ર પડછાયાથી જ હ્દયમાં પ્રકાશ થઈ જાય છે એવી વિલક્ષણ વસ્તુ, સંતોની સત્સંગતિમાંથી પ્રાપ્ત થાય છે. 'તેથી સત્સંગતિ અત્યંત જરુરી છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# કોગ્રેસ સરકારે આપેલા વચન મુજબ ૩૮ વર્ષમાં પહેલીવાર મધ્યપ્રદેશની પોલીસે વીકલી ઓફ માણ્યો

મધ્ય પ્રદેશમાં પોલીસને ૩૮ વર્ષમાં પહેલી વાર સાપ્તાહિક એક રજાનો લ્હાવો મળ્યો હતો. એમ.પીની પોલીસ સબ ઈન્સ્પેકટર ઊમા શંકર મિશ્રાએ તેમના કાર્યકાળમાં પહેલી વખત વીકલી ઓફની રજા પોતાના કુટુંબીજનો સાથે વિતાવી હતી. કોગ્રેસે સત્તા પર આવશે તો પોલીસ અધિકારીઓને અઠવાડીયામાં એક દિવસ રજા આપવાનું વચન આપ્યું હતું. કમલનાથ સરકારે જનતાને કરેલો વાયદો પુરો કરી બતાવ્યો હતો.હવેથી પોલીસ અધિકારીઓને સાપ્તાહિક રજા મળશે.

અત્યાર સુધી પોલીસ અધિકારીઓને અઠવાડીયાના સાતેય દિવસ ડ્યુટી પર હાજર રહેવુંપડતું હતુ.સીએલ અને ઈએલ તો તેમને મળતી જ નહોતી.પરંતુ વીકલી ઓફનો લાભ અત્યાર સુધી મળ્યો નહોતો.પરંતુ હવેથી રાજ્યમાં પોલીસ અધિકારીઓને વિકલી ઓફ મળવાના શરુ થઈ ગયા છે.કેટલાક પોલીસ અધિકારીઓ પોતાના બાળકોને લઈને પિકનિક પર ગયા હતા તો કેટલાક પોતાના બાળકોને શાળાઓમા મુકવા માટે ગયા હતા.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જ્હોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.